# ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ

પરિવહન ખાતુ, હેપ્પી કસ્ટમર સેલ, મધ્યસ્થ કચેરી, રાણીપ અમદાવાદ-૩૮૨૪૮૦

પત્ર. નં. ગુરામા./ ટ્રાફિક/ હેપ્પી કસ્ટમર સેલ,/ ૭૬૨ તા.૧૨/૦૨/૨૦૨૬

**ટોચની અગ્રીમતા/ તાત્કાલિક**

પ્રતિ,

વિભાગીય નિયામકશ્રી,

અમદાવાદ, નડિયાદ, ગોધરા, હિંમતનગર, પાલનપુર,

મહેસાણા, રાજકોટ, જુનાગઢ, ભાવનગર, અમરેલી, ભુજ,

જામનગર, વડોદરા, સુરત, ભરૂચ, વલસાડ

વિષય: નિગમની વિવિધ બસ સર્વિસમાં દિવ્યાંગ મુસાફરો દ્વારા કરવામાં આવતા ઓનલાઈન રીઝર્વેશન બાબત.

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, સામાજિક અધિકારીતા વિભાગ ગાંધીનગરના ઠરાવ અન્વયે નિગમની વિવિધ બસ સર્વિસમાં દિવ્યાંગ મુસાફરોને વિનામૂલ્યે મુસાફરીનો લાભ આપવા અંગેની યોજના અમલમાં છે. જેનો લાભ દિવ્યાંગ મુસાફરો દ્વારા બહોળા પ્રમાણમાં લેવામાં આવી રહેલ છે.

દિવ્યાંગ મુસાફરો દ્વારા પણ મહતમ નિગમની બસમાં મુસાફરી માટે ઓનલાઈન રીઝર્વેશન મારફતે ટીકીટ બુક કરવામાં આવે છે. પરંતુ ઓનલાઈન સીટ બુકિંગ કરાવેલ હોવા છતાં બસ કંડકટર દ્વારા કોઈ જાણ ન કરવામાં આવતા દિવ્યાંગ જનો બસ ચુકી જવા બાબતની ફરિયાદો અત્રે વારંવાર મળવા પામે છે, જેની નોંધ ઉચ્ચકક્ષાએથી લેવામાં આવેલ છે, આથી નિગમની બસ સર્વિસની ટ્રીપશીટમાં નોધાયેલ દિવ્યાંગ મુસાફરના બેસવાના સ્થળે દિવ્યાંગ મુસાફર સીટ ઉપર આવી ગયેલ છે કે નહિ તેની ખરાઈ કંડકટર દ્વારા કરી જો દિવ્યાંગ મુસાફર ન આવેલ હોય તો તે બાબતે નિગમના બસ સ્ટેન્ડ/ કંટ્રોલ પોઈન્ટ ખાતેના ફરજ પરના ટ્રાફિક કંટ્રોલરને જાણ કરી, સ્ટેન્ડ ઉપર માઈકમાં એલાઉન્સમેન્ટ કરાવડાવી દિવ્યાંગ મુસાફર આવેલ છે, કે નહિ તે બાબતની ટ્રીપશીટમાં ફરજીયાત નોંધ કરવાની રહેશે, અને ટ્રાફિક કંટ્રોલર/કંડકટર દ્વારા જરૂર જણાય દિવ્યાંગ મુસાફરનો સંપર્ક કરી બસની માહિતી આપી દિવ્યાંગજનોને નિગમની બસમાં મુસાફરી કરવામાં મદદરૂપ થાય તે મુજબની સુચના આપની કક્ષાએથી તમામ ડેપો મેનેજર ને આપવા જણાવવામાં આવે છે.

વધુમાં સદર બાબતની સુચના નિગમમાં ફરજ બજાવતા તમામ ટ્રાફિક કંટ્રોલર/કંડકટરને મળી રહે તે હેતુ થી ડેપો મેનેજર દ્વારા ડેપો કક્ષાએ મીટીંગ યોજી જાણ કરી, ડેપો ખાતેના સૂચના રજીસ્ટરમાં તમામ કર્મચારીઓની સહી મેળવી, સદર બાબતની ૧૦૦% અમલવારી કરાવવા જણાવવામાં આવે છે. આમ છતાં દિવ્યાંગજનની ફરિયાદ થવા પામશે તો જવાબદાર અધિકારી/કર્મચારી વિરુદ્ધ નિયમોનુસારની શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો.

મુખ્ય પરિવહન અને વાણિજ્ય વ્યવસ્થાપક
ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ